અનામત વર્ગોને અપાતી છૂટછાટો અને રાહતો બાબતમાં સ્પષ્ટતાઓ કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પવસ/૧૦૨૦૧૬/૨૮૨૪૪૭/ગ-૪,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭-૦૫-૨૦૧૬.

વંચાણે લીધાં:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૧/૧૨/૧૯૮૬નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૩૮૬(૧)/ગ-૫.
(૨)સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦/૦૫/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૨૯૦/૨૨૨૨/ગ૪.
(૩)સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/03/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૬૯૬/૮૭૮/ગ-૪.
(૪)સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૦૮/૧૯૯૯નો પરિપત્ર ક્રમાંક:પવસ/૧૬૯૬/૮૭૮/ગ-૪
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૯/૦૧/૨000નો પરિપત્ર ક્રમાંક:પવસ/૧૦૯૯/મુમ-૧૩/ગ-૪
(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૩/૦૭/૨00૪નો પરિપત્ર ક્રમાંક:પવસ/૧૦૨003/૯00/ગ-૪
(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો વર્ષ ૨૦૧૬નો વટ હુકમ નં.૧ તા.૦૧/૦૫/૨૦૧૬
(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૬/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ

\\ પરિપત્ર \\

ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૧), ક્રમ-(૨) અને ક્રમ-(૩) સામે દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના અનુક્રમે તા.૧૧/૧૨/૧૯૮૬, તા.૨૦/૦૫/૧૯૯૩ તેમજ તા.૦૮/03/૧૯૯૯ના ઠરાવોમાં સીધી ભરતીની નિમણૂકોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના જે ઉમેદવારો પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામતા હોય તેમને તે વર્ગો માટેની અનામત જગ્યાઓ સામે ન ગણતાં બિનઅનામત જગ્યાઓ સામે ગણવાની સૂચનાઓ આપવામાં આવેલી છે. જેના અનુસંધાને ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૫)

અને ક્રમ-(૬) સામે દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨૦૦૦ તેમજ તા.૨૩/૦૭/૨૦૦૪ ના પરિપત્રોથી સ્પષ્ટતાઓ કરવામાં આવેલ છે કે, સામાન્ય વર્ગના ઉમેદવારોને જે ધોરણ લાગુ પાડવામાં આવેલ હોય એ જ ધોરણે પસંદગી પામેલ હોય એવા જ અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જનજાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો માત્રને જ તેમની અનામતની નહીં પરંતુ બિન અનામતની જગ્યાઓ સામે ગણતરીમાં લેવાના રહેશે/સરભર કરવાના રહેશે. જ્યારે વય મર્યાદા, અનુભવની લાયકાત, લેખિત પરીક્ષામાં મળવાપાત્ર તકોની સંખ્યા, સામાન્ય વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા વિચારણાના ક્ષેત્ર, સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુ માટેની લાયકાતના ગુણ વગેરેમાં અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જનજાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોની પસંદગીમાં છૂટછાટનું ધોરણ લાગુ પાડેલ હોય ત્યારે તદઅન્વયે પસંદગી પામેલા અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જનજાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને તેમની અનામતની જગ્યાઓ સામે ગણવાના રહેશે. આવા ઉમેદવારો બિનઅનામત જગ્યાઓ સામેની વિચારણા માટે બિન ઉપલબ્ધ હોવાનું ગણાશે. આમ છતાં પરીક્ષા ફી ચુકવવામાંથી મુક્તિ અપાયેલ હોય તેવા અનામત વર્ગના ઉમેદવારોને બિન અનામત ખાલી જગ્યા માટેની સ્પર્ધા માટે પ્રતિબંધિત કરી શકાશે નહીં.

૨. ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૭) પરના વટહુકમથી બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગ્યાઓમાં ૧૦ ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી હોઈ સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાના અંતે આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામતા હોય તેવા અનામત વર્ગોના ઉમેદવારો સંદર્ભેની ઉપર્યુક્ત સૂચનાઓ/ સ્પષ્ટતાઓ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને પણ લાગુ પાડવાની રહેશે. .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.

× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો,

સર્વે ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશનો, જાહેર સાહસો, યુનિવર્સિટીઓ (સંબંધિત વહીવટી વિભાગો મારફત)

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,

પસંદગી ફાઇલ.

× પત્ર ધ્વારા.